## વડીલોને વંદન
## અભિનંદન



પટેલ શંભુભાઈ વિઠ્ઠલદાસ
(૧૯૫૩) ફોન: ૨૩૨૩૯૩૦૩



હનુમાન જયંતિના પાવન દિવસે સેક્ટર-૨ સ્થિત બાલાજી હનુમાન મંદિર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાઆરતીમાં ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહા હાજર રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# આજે આનંદીબેન પટેલ બનાસકાંઠાના ચૂંટણી પ્રવાસે

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા સંસદીય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હરિભાઈ ચૌધરીના પ્રચાર અર્થે મંત્રી આનંદીબેન પટેલ આજે બનાસકાંઠાના ડીસા તેમજ પાલનપુરમાં વિજય વિશ્વાસ મહિલા સંમેલનમાં સંબોધન કરશે.

ચૂંટણી પ્રવાસના પ્રારંભે સવારે ૧૦ કલાકે ધાનેરાના એકલવ્ય પાર્ટી પ્લોટ સામે ધાનેરા કાર્યાલયનુ ઉદઘાટન કરી મહિલા સંમેલનને સંબોધશે જ્યારે બપોરે ૧ કલાકે ડીસામાં લોહાણા સમાજ વાડી ખાતે તેમજ ૩.૩૦ કલાકે પાલનપુરમાં પંચાલ સમાજવાડી ખાતે વિજય વિશ્વાસ મહિલા સંમેલનને સંબોધશે. ઉપરાંત સાંજે પાંચ કલાકે પાલનપુરમાં રોડ શૉ યોજી ગુરૂનાનક ચોક ખાતે વિધાનસભા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરશે. તેમ મીડીયા સેલ કન્વીનર રૂપસિંગ ચૌહાણે જણાવ્યું હતું.

## જનરલ લોક અદાલતમાં ૧૩૯૦ કેસોનો નિકાલ કરાયો

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં જિલ્લા કાનુન સેવા સત્તામંડળ દ્વારા ૧૪ એપ્રિલ ૨૦૧૪ના રોજ એડીશનલ ડીસ્ટ્રીક એન્ડ સેસન્સ જજશ્રી મહેસાણા શ્રી એસ.બી. પટેલની અધ્યક્ષતામાં જનરલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં કુલ ૧૫૨૨ કેસો હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી કુલ ૧૩૯૦નો સમાધાન માધ્યમ દ્વારા નિકાલ કરવામાં આવેલ. જેમાં ૧૫૪ સિવિલ કેસો, ૧૧૦૦ ક્રિમીનલ કેસો અને ૧૦૩ પ્રિલીટીકેસોનો નિકાલ કરવામાં આવેલ અને કુલ ૩૩ મોટર એક્સીડન્ટ ક્લેઈમ કેસો નિકાલ કરી રૂપિયા ૩૪ લાખ ૭૩ હજાર ૫૦૦નો એવોર્ડ કરવામાં આવેલ છે. તેમ સેક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણમાં મહાકાળી માતાનો હવન યોજાયો

ડીસા, તા.૧૫

પાટણ ખાતે આવેલ સમસ્ત લોધા સમાજની કુળદેવી મહાકાળી માતાના મંદિરે પાટણ-ડીસા, અમદાવાદ, આબુરોડ અને રાજકોટમાં વસતા લોધા સમાજના લોકો દ્વારા મહાકાળી માતાજીનો નવચંડી હવન યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોમાં સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમાજના દાતાઓએ દાનનો અવિરત પ્રવાહ વહેતો કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ચંદુલાલ પોપટલાલ લોધા, જયલોધેશ્વર યુવા મંડળ અમદાવાદના નાથુસિંહ લોધા, ડીસાના ઉદયસિંહ લોધા સહિતના અગ્રણીઓ અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગુજરાતના જાણીતા સમાજ સેવિકા જયાબેનનું નિધન



અમદાવાદ, તા.૧૫

ગુજરાતના સમાજ સેવિકા, ખાદી, શિક્ષણ અને રચનાત્મક ક્ષેત્રના અગ્રણી તેમજ માજી મંત્રી અને સાંસદ જયાબેન વજુભાઈ શાહનું ૯૩ વર્ષની જૈફ વયે ટુંકી માંદગી બાદ અમદાવાદ ખાતે અવસાન થયું છે. જયાબેનની ઈચ્છાનુસાર તેમના પુત્ર અક્ષય શાહ, અનાર શાહ અને પુત્રી અમીતા અવસ્થી દ્વારા જયાબેનના મૃતદેહનું અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં દેહદાન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તા. ૧૬ એપ્રિલના રોજ સવારે ૯-૦૦ વાગે ખાદી સરિતા અમદાવાદ ખાતે યોજાશે. અને તા. ૧૮ એપ્રિલ શુક્રવાર સાંજે ૫-૦૦ વાગે રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે પ્રાર્થના સભા યોજાશે.

### સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રીમતી જયાબેન શાહને રાજયપાલશ્રીની શ્રધ્ધાંજલિ

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ સ્વાતંત્ર્ય સેનાની શ્રીમતી જયાબેન શાહના નિધન પર ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી છે.

રાજયપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લેનાર સ્વ. જયાબેન સામાજિક ઉત્થાન માટે હંમેશા સક્રિય રહ્યા હતાં. તેમણે ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કર્યું હતું. ઈશ્વર દિવંગતના આત્માને ચિરશાંતિ આપે અને તેમના પરિવાર તેમજ સ્નેહીજનોને આ અસહ્યનીય દુઃખ સહન કરવાની શકિત આપે તેવી તેમણે પ્રાર્થના કરી છે.

# અરવલ્લી જિલ્લામાં ૮૫૭૨ મતદારો નવા ઉમેરાયા

## ભિલોડામાં સૌથી વધુ ૪૨૩૯ તથા બાયડમાં ૧૨૫૧ મતદારો વધ્યા : સાબરકાંઠા લોકસભાની ચૂંટણીમાં ૩૫૮૨૨૪ પુરૂષ તથા ૩૩૬૯૮૭ સ્ત્રી મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે

મોડાસા, તા. ૧૫

સાબરકાંઠામાં લોકસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ ચાલુ વર્ષે મોટા પ્રમાણમાં મતદાન થાય તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં ૮૫૭૨ જેટલા નવા મતદારો ઉમેરાયા છે. જે આગામી સમયમાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ માટે અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટની આગેવાનીમાં તંત્ર સજ્જ બન્યું છે.



સાબરકાંઠા જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે શંકરસિંહ વાઘેલાને ટીકીટ આપી છે જયારે ભાજપાએ દિપસિંહ રાઠોડ પર પસંદગી ઉતારી છે. બન્ને પક્ષના ઉમેદવારો વચ્ચે ભારે રસપ્રદ ચૂંટણી જંગ જામશે તેમ ચર્ચાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટની તટસ્થ અને પ્રસંસનીય કામગીરીના કારણે મતદાન જાગૃતિ અભિયાન છેડવામાં આવતા ભિલોડામાં ૪૨૩૯, મોડાસામાં ૩૦૮૨, બાયડમાં ૧૨૫૧ મળી કુલ ૮૫૭૨ જેટલા મતાદરોનો ઉમેરો થયો છે. ચાલુ વર્ષે ૩૫૮૨૨૪ પુરૂષ મતદારો તથા ૩૩૬૯૮૭ સ્ત્રી મતદારો અને અન્ય ૧ મળી કુલ ૬૯૫૨૨૧ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ચાલુ વર્ષે મતદારોમાં જાગૃતિ લાવવા માટે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે મતદાતા જાગૃતિ અભિયાન છેડ્યું હતું. જે અંતર્ગત રોડ, રેલી, બેનર વગેરેના કારણે મતદારોમાં જાગૃતિ આવી છે. જેના લીધે આગામી લોકસભામાં મતદાનની ટકાવારી ઉંચી રહેશે તેવુ ચર્ચાઈ રહ્યું છે. આજે નિવાસી કલેક્ટર અશોક પટેલની આગેવાનીમાં પત્રકારોની મિટીંગ મળી હતી જેમાં વિવિધ અધિકારીઓ તથા પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા અને ચૂંટણીની કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા હતા.

# કલોલ પાસે રેલવે ટ્રેક ઓળંગતી વિદ્યાર્થિનીના બે ટુકડા થઈ ગયા

## નર્સિંગનું પરિણામ લેવા જતી વેળાએ બળીયા ફાટક પાસે ટ્રેન માથે ફરી વળતા ધડ ૨૦ ફુટ દુર ફંગોળાયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકા વિસ્તારના પિયજ ગામમાં રહેતી ૧૯ વર્ષની નર્સિંગની વિદ્યાર્થીની આજે બપોરના આરસામાં ઘરેથી પોતાની કોલેજે પરિણામ લેવા માટે ઉત્સાહભેર જઈ રહી હતી ત્યારે બળીયા ફાટક પાસે ટ્રેક ક્રોસ કરતી વખતે જમ્મુતાવી એક્સ્પ્રેસ ટ્રેનની નીચે આવી જતા વિદ્યાર્થીનીના શરીર ના બે ટુકડા થઈ જવા પામ્યા હતા.કરુણતા તો જુવો,નર્સિંગ નું રીઝલ્ટ જોવા માટે તે જઈ રહી હતી પણ તેમાં કેટલા ટકા આવ્યા તે શુદ્ધા જાણી શકી નહિ.!!.વિદ્યાર્થીની નું ધડ કપાઈ ને ૨૦ ફૂટ દુર ફંગોળાઈ ને પડ્યું હતું.આ ઘટના થી સમગ્ર પંથક માં અરેરાટી થઈ જવા પામી હતી.રેલ્વે પોલીસે ગુનો દાખલ કરીને ઘટના ની તપાસ શરુ કરી છે.



કલોલ નજીક આવેલા પિયજ ગામમાં પરિવાર સાથે રહેતી ૧૯ વર્ષ ની ચંદ્રિકા મંગળભાઈ સોલંકી કલોલ ના અંબિકાનગર વિસ્તાર ની એક ઈન્સ્ટીટયુટમાં પેરા મેડીકલ ક્ષેત્ર માં અભ્યાસ કરતી હતી.પરિવાર મૂળ બાલાસિનોર ના વીરપુર ગામથી કલોલ શીફ્ટ થયેલું છે અને તેણીના પિતા મજુરી કામ કરીને તેણીને અભ્યાસ કરાવતા હતા.ચંદ્રિકા પણ તેટલા જ હોંશે થી અભ્યાસ કરતી હતી.આખા વર્ષની મહેનત બાદ આપેલી પરિક્ષાનું આજે પરિણામ હતું.ખુબ જ ઉત્સાહથી ચંદ્રિકા પોતાની કોલેજે આજે બપોરે જઈ રહી હતી અને બળીયા ફાટક નો પાટો ઓળંગી રહી હતી.પરિણામ ના વિચારો માં મગ્ન ચંદ્રિકા ને સડસડાટ આવી રહેલી જમ્મુતાવી એક્સ્પ્રેસ ની વ્હીસલો પણ ન સંભળાઈ..! એક જ ક્ષણમાં ટ્રેન ની અડફેટ થી ચંદ્રિકાના શરીર ના બે ટુકડા થઈ જતા અરેરાટી ફેલાઈ ગઈ હતી.એક તરફ તેની કોલેજ ની બેગ પડી હતી તો બીજી તરફ તેનો મોબાઈલ અને કમર થી ઉપર નો ધડ નો ટુકડો પડ્યો હતો. ૨૦ ફૂટ દુર શરીર નો એક ભાગ પડ્યો હતો અને કમરથી નીચેનો ભાગ રેલ્વે ટ્રેક પર પડેલો હતો.આ ઘટના ની જાણ થતા પરિવારજનો ના પગ તળેથી જાણે જમીન જ સરકી ગઈ હતી.

## ૧૭મીએ માનવ સાંકળમાં જોડાવા વસાહત મહામંડળની અપીલ

ચૂંટણીમાં વધુ મતદાન થાય તે હેતુથી ૧૭એપ્રિલના રોજ સવારે ૯.૩૦ વાગે વિધાનસભા સંકુલ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત વિશાળ માનવ સાંકળ રચવામાં આવશે. આ અભિયાનમાં શહેરની સેવાભાવી સંસ્થાઓ, સેકટરના મંડળો, મહિલા મંડળો અને નાગરિકોને જોડાવા પ્રમુખ અરુણભાઈ બુચ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## નરેન્દ્ર મોદી આજે પાંચ ચૂંટણી સભાઓ યોજશે

ભાજપ પ્રદેશ મિડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે બુધવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશમાં બે અને તાલીમનાડુમાં ત્રણ ભારત વિજય ચૂંટણી સભાઓ સંબોધશે. નરેન્દ્ર મોદી સવારે ૯:૩૦ કલાકે મધ્યપ્રદેશ રતલામના ડાંગરે નગરમાં બિરીયા ખેડી ખાતે, સવારે ૧૧ મધ્યપ્રદેશ કુકશીમાં સીંઘીના રોડ નજીક હીરા પેલેસના મેદાનમાં, બપોરે ૨:૪૫ કલાકે તામીલનાડુના ક્રિષ્ણાગીરી કાંધીકુપ્પન ખાતે, બપોરે ૪:૧૦ કલાકે તાલીમનાડુના સાલેમમા વિદ્યામંદિર સ્કુલના મેદાનમાં, સાંજે ૬:૧૫ કલાકે તામીલનાડુના કોઈમ્બતુરમાં કોડીસીયા મેદાનમાં જાહેરસભાને સંબોધન કરશે.

## છેલ્લા દિવસે ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓનો ધસારો

અમદાવાદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૮ મે ૨૦૧૪ના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ હતો ત્યારે આ ગુજકેટની પરીક્ષા માટે રાજ્યભરમાંથી કુલ ૫૦,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરથી મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના પગલે આગામી ૮ મેના રોજ રાજ્યભરમાં એક સાથે ગુજકેટની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે આજે છેલ્લો દિવસ હતો ત્યારે બોર્ડના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ છેલ્લા દિવસ ગુજકેટના ઓનલાઈન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો.

## શબ્દાવલી - ૫૩૬૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| ૮ | | ■ | ૯ | ૧૦ | | ■ | |
| ૧૧ | | ■ | ■ | | ■ | ૧૨ | |
| | ■ | ■ | ૧૩ | | ૧૪ | | ■ |
| ૧૫ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | ■ |
| ■ | ૧૯ | | | ■ | | ■ | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | | | ■ |

### આડી ચાવી

૧. ધુત્કારવું, માનહાનિ (૪)
૫. જામ, શરાબની પ્યાલી (૩)
૭. લાખોપતિ, ખુબ સંપત્તિવાળો (૪)
૮. વિધવાનું હિન્દી (૨)
૯. જવાબદારી લેવી, સાહસ (૩)
૧૧. શરમ, ઘુંઘટ (૨)
૧૨. બગીચો, બાગ (૨)
૧૩. એક ધાતુ, અભ્રક (૪)
૧૫. પુરૂષોમાં અધમ (૪)
૧૮. જવાની ક્રિયા (૨)
૧૯. તિરસ્કાર (૩)
૨૦. તકનો સમુહ તકો, મોકનો સમુહ, એક... મિલના ચાહીએ (૨)
૨૧. નશીબ, ભાગ્ય (૪)

### ઊભી ચાવી

૧. અલ્લડ કે અલબેલાપણું (૬)
૨. નરસિંહ મહેતાની દોલત, એક વાદ્ય (૪)
૩. પ્રમાણ, લંબાઇ-પહોળાઇ વગેરેનું... (૨)
૪. પરિણામ, ફળ (૩)
૫. સંદેશો (૩)
૬. બે-કે વધારે રંગની સૂતરની દોરી (૪)
૧૦. ગોબરૂં, ગંદુ (૩)
૧૨. બંધ કરવું (બારણું) (૩)
૧૩. અમર કરે તેવો રસ (૪)
૧૬. રાધા (૩)
૧૭. આંટાફેરા, ફેરા (૨)

### શબ્દાવલી ૫૩૬૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) બિલોરીકાચ (૪) ચોર (૬) ક્ષાર (૭) કાપડ (૮) રીલ (૧૦) લપડાક (૧૧) ફકરાઇ (૧૪) તાડપત્રી (૧૫) દાવ (૧૬) લફરા (૧૭) સવા (૧૯) મેફ (૨૦) જોબનવંતી (૨૧) લડવૈયો

**ઊભી ચાવી :-** (૧) બિમારી (૨) રીક્ષા (૩) કાર (૪) ચોપડા (૫) રડકણુ (૭) કાપ (૯) લફડફફડ (૧૦) લઇ (૧૨) કપરા (૧૩) રાત્રી (૧૪) તાલમેલ (૧૫) દાવાનળ (૧૭) સબ (૧૮) કાતીલ (૨૦) જોયો

## કંપની સમાચાર

### વન્ડ્રેલા હોલિડેઝ લિમિટેડનો બિડ-ઈશ્યૂ ૨૧ એપ્રિલ, ૨૦૧૪ના રોજ ખૂલે છે અને ૨૩ એપ્રિલ, ૨૦૧૪ના રોજ બંધ થાય છે

વન્ડ્રેલા હોલિડેઝ લિમિટેડ (કંપની' અથવા 'રજૂકર્તા'નું રૂ. ૧૦નો એક (ઈક્વિટી શેરસ) એવા ૧૪,૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ, સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ ૨૦૦૯ અનુસાર, સુધારા પ્રમાણે (સેબીના નિયમોને આધીન) બુક બિલ્ડિંગ પ્રોસેસ (ઈશ્યૂ) દ્વારા નક્કી કરેલી કિંમતે કેસ માટે પ્રારંભિક જાહેર ભરણું ખૂલવાની દરખાસ્ત કરે છે. ઈશ્યૂ ૨૧ એપ્રિલ, ૨૦૧૪ના રોજ ખૂલશે. દર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૧૫ થી ૧૨૫ વચ્ચે ભાવ સીમા સ્થિર કરવામાં આવી છે. ન્યૂનતમ બિડ લોટ ૧૦૦ ઈક્વિટી શેર્સનો છે અને ત્યારબાદ ૧૦૦ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં હશે. બિડ-ઈશ્યૂ ૨૩ એપ્રિલ, ૨૦૧૪ના રોજ બંધ થશે. બિડ-ઈશ્યૂ ખુલવાની તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૧૪ અગાઉ એન્કર બુક એક વર્કિંગ ડે ખોલે છે.

ઈશ્યૂ સંપૂર્ણપણે નરમ પોસ્ટ ઈશ્યૂના ૨૫.૬૬ ટકા કંપનીની ઈક્વિટી શેરમૂડી ભરપાઈ થયેલી રચના કરશે. ઈશ્યૂને ક્રિસિલ લિમિટેડ દ્વારા ક્રિસિલ આઈપીઓ ગ્રેડ૪-૫ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, જે દર્શાવે છે કે ઈશ્યૂના ફંડામેન્ટલ્સ ભારતમાં અન્ય લિસ્ટેડ ઈક્વિટી જામીનગીરી માટે સરેરાશ સંબંધિત ઉપર છે. ઈક્વિટી શેર્સ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર અને ઈશ્યૂ કરવામાં આવ્યા છે અને બીએસઈ લિમિટેડ (બીએસઈ) તથઆ નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) પર યાદી માટે ભલામણ કરવામાં આવી છે.

## પ્રથમ તબક્કાનો ચૂંટણી ખર્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તે પંચની વેબસાઈટ પર પણ બીજા દિવસે મુકવામાં આવનાર છે. પંચે ઉમેદવારોના ખર્ચની મર્યાદા વધારીને રૂ. ૭૦ લાખ કરી દીધેલ છે. નવી ખર્ચ-મર્યાદા બાદ આ પ્રથમ ચૂંટણી જંગ લડાઈ રહ્યો છે. પંચ દ્વારા પણ ખર્ચ નિરીક્ષકોને ખર્ચની તપાસ માટેની ગાઈડલાઈન તૈયાર કરી આપી છે.

રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે પ્રચાર ઝુંબેશનો પ્રારંભ થઈ ગયો છે અને આજે પ્રથમવાર આ હિસાબો રજુ થવાના છે. ચૂંટણી અધિકારીએ ખર્ચના હિસાબો રજુ કરવા માટે ૩ તારીખો નિયત કરેલી છે. ૧૬ એપ્રિલ, ૨૨ એપ્રિલ અને ૨૭ એપ્રિલે આ ચૂંટણી માટેના હિસાબો રજુ કરવાના છે.

ગાંધીનગરમાં તંત્ર ઈલેક્શનના મિશન મોડ પર કામ કરી રહેલ છે. ઉમેદવારોના થતા ખર્ચ પર નજર રાખવા માટે તંત્રએ ઉમેદવારોના શેડો રજીસ્ટર બનાવ્યા છે જેમાં એકસોથી વધુ વસ્તુના ભાવો પણ ટેન્ડર દ્વારા નિયત કરી અને રાજકીય પક્ષોને વિશ્વાસમાં લીધા બાદ નિયત કરાયા છે.

## તીવ્ર પ્રચાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વલસાડ લોકસબા ક્ષેત્રના ૪ વિસ્તારોમાં, પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ પંચમહાલ ૫ વિસ્તારો,માં ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાબરકાંઠા લોકસભા ક્ષેત્રના ૧૦ વિસ્તારોમાં, રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા પંચમહાલ લોકસભા ક્ષેત્રના ૪ વિસ્તારોમાં, વાસણભાઈ આહીર ભાવનગર લોકસભા ક્ષેત્રના ૩ વિસ્તારમાં, પુરષોત્તમ સોલંકી ભાવનગર ક્ષેત્રમાં ૫ વિસ્તારોમાં, ગોરધનભાઈ ઝડફીયા ભાવનગર ક્ષેત્રના ૫ વિસ્તારોમાં, હિતુ કનોડિયા પાટણ લોકસભા ક્ષેત્રના ૫ વિસ્તારોમાં, મહેશ અને નરેશ કનોડિયા અમરેલી લોકસબા ક્ષેત્રના ૩ વિસ્તારોમાં તેમજ મંગલસિંહ ઠાકોર અને તેમની ટીમ સાબરકાંઠા લોકસભા ક્ષેત્રના ૧૧ વિસ્તારોમાં પાર્ટીના ઉમેદવારોની તરફેણમાં ઝંઝાવતી પ્રચાર કરશે.

## સમીક્ષા બેઠક યોજાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેલેટ, મોડલ પોલિંગ સ્ટેશન, ઈ.વી.એમ, વીવીપેટના ડિસ્પેચિંગ અને રિસિવીંગની માહિતી પણ મેળવી હતી. મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ કેળવાય તે માટે સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિના કાર્યક્રમ - ઝુંબેશમાં વધુમાં વધુ લોકો જોતરાય તેવું આયોજન કરવા પણ કહ્યું હતું. આ બેઠકમાં ચૂંટણી અંતર્ગત કાર્યરત વિડિયો વ્યુવીંગ ટીમ, એમ.સી.એમ.સી, એકાઉન્ટીગ ટીમ, એક્ષપેન્ડિચર મોનીટરીગ સેલના નોડલ અધિકારીશ્રીઓ પાસેથી પણ તેમની કામગીરીની સમીક્ષા કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં ખર્ચ નિયંત્રણ નિરીક્ષક શ્રી પવનકુમાર ખેતાન અને -વિણકુમાર, એક્ષપેન્ડિચર મોનીટરીગ સેલના ચીફ નોડલ અધિકારી શ્રી વિકટર મેકવાન, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.ડી.મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ સહિત તમામ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ અને ચૂંટણી સંબંધિત કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ ઉપસથિત રહયાં હતાં.

## નિર્ણાયક બનશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ તેમની યુવા પાંખને પ્રચાર અભિયાનમાં મહત્વની જવાબદારી સોંપી છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર પર નજર કરીએ તો મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ જ ૩ ટકા જેટલા નવા મતદારોને શોધવામાં તંત્રને સફળતા મળી હતી.

આખા રાજયમાં નોંધાયેલા મતદારોમાં મહિલા મતદારો સૌથી વધુ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં છે તે પણ ઉલ્લેખનીય છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર મતદારોની દૃષ્ટિએ રાજયમાં બીજા ક્રમે આવે છે. આ સંસદીય મતવિસ્તારમાં ૧૭ લાખ ૩૩ હજાર કરતાં વધુ મતદારો નોંધાયેલા છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોનીસંખ્યા ૧૦,૭૪,૧૦૧ છે જેમાં સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ) બેઠક પર છે. તો આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ) બેઠક આવે છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ મતદારો ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં નોંધાયેલા છે.

## રાજનાથસિંહ અને સોનિયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રચાર માટે આવીને ભાવનગર તથા પંચમહાલ લોકસભા મતવિસ્તારોમાં બે જુદી જુદી જનસભાઓને સંબોધન કરશે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી પણ તા. ૨૫ અને ૨૬મી એપ્રિલના રોજ ગુજરાતના પ્રવાસે આવશે. ભાજપ દ્વારા તેમના પ્રવાસ તેમજ સભાઓનો કાર્યક્રમ હજુ તૈયાર થઈ રહ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. દરમિયાન સુત્રોએ જણાવ્યં હતું કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના ગુજરાતના ચૂંટણી પ્રવાસ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને આ બન્ને નેતાઓની સબાઓને સફળ બનાવવા પ્રદેશથી માંડીને સ્થાનિક સ્તરના નેતાઓને મહત્વની જવાબદારીઓ પણ

સોંપવામાં આવી છે. આ ઉપરાંત આ બન્ને રાષ્ટ્રીય મહાનુભાવો સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ તથા ગુજરાત પોલીસે તમામ પ્રકારની પૂર્વ તૈયારીમાં અથ્યારથી જ શરૂ કરી દીધી છે. અને બન્ને મહાનુભાવો જ્યાં જાહેરસભાઓને સંબોધવાના છે તે સ્થળની પણ મુલાકાત લઈ સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ભાજપ તથા કોંગ્રેસના વિશેષ મહાનુભાવોની તા. ૨૪મીથી ૨૬મી સુધીની ગુજરાતની મુલાકાત પોલીસ તથા સુરક્ષા એજન્સીઓને પણ ખડે પગે રાખશે અને ગુજરાતના શુષ્ક ચૂંટણી વાતાવરણમાં એકાએક પલટો આવશે અને ચૂંટણીના અંતિમ સપ્તાહમાં રાજકીય માહોલ વધુ ગરમ બનશે તેમ પણ સુત્રો જણાવી રહ્યા છે.